**શિક્ષણાધિકારીની કચેરી સુરત**
બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨
:- suratdeo@gm...... web :-www.suratdeo.or

જા.નં./મા-૨/૨૦૨૪/17070 તા.૧૭/૧૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

૨/-ઉકત પત્રની અમલવારી તથા જાણ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉકત પરિપત્રની નકલ

"ગીર" ફાઉન્ડેશન

ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ("ગીર") ફાઉન્ડેશન

**આર.બી. સોલંકી,** *ગુવસે*

**નાયબ નિયામક (પર્યાવરણ શિક્ષણ)**

**ક્રમાંક: ઈઈ/ઈઈપી/12/બ-5445** **2024-25** **તા. 19/11/2024**

પ્રતિ,

**આચાર્યશ્રી,**

એન.જી.સી. ઈકો ક્લબ ધરાવતી શાળાઓ

તમામ

**વિષય: Environment Education Programme (EEP) અંતર્ગત શાળા કક્ષાએ કાર્યક્રમો યોજવા બાબત**

ભારત સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય પ્રેરિત Environment Education Programme (EEP) અંતર્ગત સને 2024-25 માટે સને 2024-25 માટે એન.જી.સી. ઈકો ક્લબ કેન્દ્રિત કાર્યક્રમોમાં ઈકો ક્બલને વધુ પ્રવૃત્તિસભર બનાવવા અને શાળાના બાળકોને પ્રવૃત્તિ સાથે જ્ઞાન આપી શકાય તેવા ઉદ્દેશથી એન.જી.સી. ઈકો ક્લબ ધરાવતી શાળાઓ શાળા કક્ષાએ નીચેના વિષયો પર તાલીમ કાર્યક્રમો યોજવામાટે પ્રોજેક્ટ આપવાનું આયોજન છે.

- **School Biodiversity Register**
- **Reduce E-waste**
- **Healthy Food Festival**

ઉક્ત પ્રત્યેક વિષય પર કુલ 33 જિલ્લાઓમાં ઉક્ત કાર્યક્રમ સોંપવાનું આયોજન છે. આ કાર્યક્રમ શાળા તેમની કક્ષાએ શાળાના સમયગાળા દરમિયાન યોજી શકે છે તેમજ ઉક્ત આયોજન માટે શાળાને ₹ 15,000 પ્રતિ શાળા/કાર્યક્રમ જેટલી નાણાકીય સહાય આપવાનું આયોજન છે. ઉપરોક્ત બાબતે અરજી પ્રક્રિયા, શાળાઓની પસંદગી, કાર્યક્રમની વિગત વગેરે બાબતો નીચે મુજબ છે.

## 1) જે તે શાળાએ શાળામાં નીચે મુજબનું એક દિવસીય આયોજન કરવાનું રહેશે (શાળા સમય દરમિયાન)

**School Biodiversity Register વિષય પર કાર્યક્રમ નીચે મુજબ રહેશે**

| ક્રમ | પ્રવૃત્તિ | સમયગાળો |
|---|---|---|
| 1 | ઉદ્‌ઘાટન વ પ્રાસંગિક (મિશન લાઈફની પૂર્વભૂમિકા સાથે) | અંદાજે 30 મિનિટ |
| 2 | સેશન 1: જૈવિક વિવિધતાને સમજીએ | અંદાજે 45 મિનિટ |
| 3 | સેશન 2: ગુજરાતની જૈવિક વિવિધતા અને આપણી આસપાસની જૈવિક વિવિધતા ને સમજીએ અને તેની નોંધણીના ફાયદાઓ સમજીએ | અંદાજે 45 મિનિટ |
| 4 | સેશન 3: શાળાનું જૈવિક વિવિધતા રજીસ્ટર કેમ બનાવવું અને નિભાવવું | અંદાજે 45 મિનિટ |
| 5 | વિરામ | |
| 6 | પ્રેક્ટિકલ પ્રવૃત્તિઓ<br>શાળામાં જૈવિક વિવિધતા ની નોંધણી કરવી તથા તેનું રજીસ્ટર બનાવીને તેની નિયમિત નિભાવણી કરવી | અંદાજે 120 મિનિટ |
| 7 | પ્રતિભાવ અને સમાપન | અંદાજે 15 મિનિટ |

નોંધ: કાર્યક્રમ બાદ શાળાએ જૈવિક વિવિધતા રજીસ્ટર માટે સમયાંતરે ડેટા કલેક્શન કરી રજીસ્ટર નિભાવવાનું રહેશે

**Reduce E-waste વિષય પર કાર્યક્રમ નીચે મુજબ રહેશે**

| ક્રમ | પ્રવૃત્તિ | સમયગાળો |
|---|---|---|
| 1 | ઉદ્‌ઘાટન વ પ્રાસંગિક (મિશન લાઈફની પૂર્વભૂમિકા સાથે) | અંદાજે 30 મિનિટ |
| 2 | સેશન 1: ઈ-વેસ્ટ ને સમજીએ અને તેનું વ્યવસ્થાપન કેવી રીતે કરવું તેને સમજીએ | અંદાજે 45 મિનિટ |
| 3 | સેશન 2: ઈ-વેસ્ટ ના વિવિધ ઉદ્‌ભવસ્થાનો અને તેની પર્યાવરણ પર અસરો | અંદાજે 45 મિનિટ |
| 4 | સેશન 3: ઈ-વેસ્ટ ના વ્યવસ્થાપન માં શાળા શું કરી શકે | અંદાજે 45 મિનિટ |

| | | |
|---|---|---|
| 5 | વિરામ | અંદાજે 120 મિનિટ |
| 6 | પ્રેક્ટિકલ પ્રવૃત્તિઓ:<br>શાળામાં ઇ-વેસ્ટ કલેક્શન કરીને રિસાઇક્લિંગ માટે મોકલવું તેમજ શાળામાં ઇ-વેસ્ટ ના વ્યવસ્થાપનનું માળખું બનાવવું | |
| 7 | પ્રતિભાવ અને સમાપન | અંદાજે 15 મિનિટ |

નોંધ: કાર્યક્રમ બાદ શાળાએ ઇ-વેસ્ટ કલેક્શન અને તેને રિસાઇક્લિંગ માટે મોકલવાની પ્રવૃત્તિ કરવાની રહેશે.

**Healthy Food Festival વિષય પર કાર્યક્રમ નીચે મુજબ રહેશે**

| ક્રમ | પ્રવૃત્તિ | સમયગાળો |
|---|---|---|
| 1 | ઉદ્ઘાટન વ પ્રાસંગિક (મિશન લાઇફની પૂર્વભૂમિકા સાથે) | અંદાજે 30 મિનિટ |
| 2 | સેશન 1: સ્વસ્થ ખોરાક પદ્ધતિને સમજીએ | અંદાજે 45 મિનિટ |
| 3 | સેશન 2: ખોરાકમાં પરંપરાગત પૌષ્ટિક આહાર (શાકભાજી, ફળો, ધાન્ય, કઠોળ) | અંદાજે 45 મિનિટ |
| 4 | સેશન 3: પૌષ્ટિક આહાર અને સ્વસ્થ જીવનશૈલી | અંદાજે 45 મિનિટ |
| 5 | વિરામ | |
| 6 | પ્રેક્ટિકલ પ્રવૃત્તિઓ<br>સ્વસ્થ અને પૌષ્ટિક વાનગી સ્પર્ધા | અંદાજે 120 મિનિટ |
| 7 | પ્રતિભાવ અને સમાપન | અંદાજે 15 મિનિટ |

**સૂચિત નાણાકીય આયોજન**

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| 1. | બેનર, સર્ટિફિકેટ, જરૂરી સ્ટેશનરી, પ્રેક્ટિકલ પ્રવૃત્તિઓ માટે જરૂરી સામન વગેરે માટે અંદાજે લમસમ | 4,000 |
| 2. | સેશન માટે આમંત્રિત વક્તાઓને માનદ વેતન (₹ 500 પ્રતિ વ્યક્તિ મુજબ અંદાજે 4 વ્યક્તિઓને | 2,000 |
| 3. | વિદ્યાર્થીઓને આપી શકાય તેવા સાહિત્યની ખરીદી માટે અંદાજે લમસમ | 4,000 |
| 4. | તાલીમાર્થીઓ માટે ચા-નાસ્તો અંદાજે લમસમ | 5,000 |
| | **કુલ ₹** | **15,000** |

## 2) અરજી કરવાની પ્રક્રિયા

શાળામાં આવો કાર્યક્રમ કરવા રસ ધરાવતી શાળાઓ **તા. 30-11-2024 સુધી ઓનલાઈન એપ્લિકેશન માધ્યમથી અરજી** કરી શકશે. ઓનલાઇન એપ્લિકેશન કરવા નીચે મુજબ અનુસરવુ:

- **Step-1:** https://sites.google.com/view/geer-ee વેબ પેઈજ ઓપન કરવું
- **Step-2:** "EEP 2024: Action Based Programmes through Eco Club Schools" પેઈજ પર જવું તથા તેમાં જરૂરિયાત મુજબની વિગતો ભરીને અરજી કરવી.

## 3) શાળાઓની પસંદગી

ઓનલાઇન એપ્લિકેશન માધ્યમથી મળેલ અરજીઓમાંથી નીચેની શરતો અને પ્રાધાન્યતાને આધિન Computerised Random Selection પદ્ધતિથી શાળાની પસંદગી કરવામાં આવશે. પસંદગી માટે અત્રેની કચેરી નો નિર્ણય આખરી રહેશે.

- **પસંદગી માટે પ્રાથમિક શરતો (ફરજિયાત જરૂરિયાત)**
  - શાળાનું EEP કાર્યક્રમના પોર્ટલ eepmoefcc.nic.in પર રજીસ્ટ્રેશન હોવું ફરજિયાત છે.
  - સને 2023-24 માં આવા જ પ્રકારના શાળા કક્ષાના કાર્યક્રમોનો લાભ મળ્યો ન હોઇ એટલે કે સને 2023-24 દરમિયાન આવા જ પ્રકારના ત્રણ કાર્યક્રમો Each Life on Earth, Say No to Plastic અને Water is Life પૈકી કોઇપણ કાર્યક્રમાં શાળાને કાર્યક્રમ આપવામાં આવેલ હોઇ તે શાળાને રિપિટ કરવામાં આવશે નહિ જેથી રાજ્યની અન્ય શાળાઓને આવા કાર્યક્રમોનો લાભ મળી શકે.

• **પસંદગી માટે પ્રાધાન્યતા**
  - જિલ્લાના તમામ તાલુકાઓ આવરી લેવાય તેવી રીતે શાળાની પસંદગીમાં પ્રાધાન્યતા આપવામાં આવશે.
  - સને 2024-25 દરમિયન અન્ય કોઇ કાર્યક્રમોનો લાભ ન મળ્યો હોય તેવી શાળાઓને પ્રાધાન્યતા આપવામાં આવશે.
  - સને 2024-25 દરમિયાન જે તે શાળાઓએ EEP કાર્યક્રમના પોર્ટલ eepmoefcc.nic.in પર શાળા કક્ષાએ કરેલ વિવિધ પ્રવૃત્તિઓનો રિપોર્ટ Submit કરીને Freeze કરેલ હોય તેવી પ્રવૃતિશીલ / સક્રિય શાળાઓને પ્રાધાન્યતા આપવામાં આવશે.
  - School Biodiversity Register અને Reduce E-waste કાર્યક્રમ માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પ્રાધાન્યતા આપવામાં આવશે જ્યારે Healthy Food Festival કાર્યક્રમ માટે પ્રાથમિક શાળાઓને પ્રાધાન્યતા આપવામાં આવશે.

## 4) કાર્યક્રમનું આયોજન તથા રિપોર્ટ

શાળાએ ઉપર મુજબ સૂચિત કાર્યક્રમ અનુસાર **જાન્યુઆરી 2025** સુધીમાં કાર્યક્રમ કરવાનો રહેશે. કાર્યક્રમ પૂર્ણ કરી કાર્યક્રમનો અહેવાલ, રજીસ્ટ્રેશન રજીસ્ટરની નકલ, ફોટોગ્રાફ્સ તથા ખર્ચનું પ્રમાણપત્ર આત્રેની કચેરીને ડિજીટલ ફોર્મેટમાં સાદર કરવાનું રહેશે.

આ અંગે અન્ય કોઇ માહિતી માટે શાળાઓ નીચે મુજબના વ્યક્તિઓનો સંપર્ક કરી શકે છે.

- સુશ્રી વૈશાલી પોપટ, આસિ. પ્રોગ્રામ કોર્ડિનેટર – 6359979305 (ગાંધીનગર, મહેસાણા, પાટણ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી)
- શ્રી ભાવેશ ત્રિવેદી, આસિ. પ્રોગ્રામ કોર્ડિનેટર - 7573020427 (રાજકોટ, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર)
- શ્રી મહંમદ પરમાર, આસિ. પ્રોગ્રામ કોર્ડિનેટર - 6359979307 (અમદાવાદ, સુરેન્દ્રનગર, આણંદ, ખેડા, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહિસાગર)
- શ્રી અશોક પાંભર, આસિ. પ્રોગ્રામ કોર્ડિનેટર – 6359979304 (અમરેલી, ભાવનગર, બોટાદ, મોરબી, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ)

**આર.બી. સોલંકી**
**ના. નિયામકશ્રી (ઇઇ)**

**નકલ સવિનય રવાના:**

- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ જિલ્લાઓ)** તરફ જાણ વ એન.જી.સી. ઇકો ક્લબ ધરાવતી શાળાઓને જાણ કરવા વિંનંતી સહ
- **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ જિલ્લાઓ)** તરફ જાણ વ એન.જી.સી. ઇકો ક્લબ ધરાવતી શાળાઓને જાણ કરવા વિંનંતી સહ